# રાજ્યમાં ૨૪ કલાકમાં ૪૧૫ નવા કેસ, ૨૯ના મોત

## મહામારીનો પ્રકોપ ઓછો થતો જ નથી : કોરોના સંક્રમિતનો આંકડો ૧૭૬૩૨ પર અને મૃત્યુઆંક ૧૦૯૨ થયો : અમદાવાદમાં ૨૪ કલાકમાં ૨૮૯ કેસ

ગાંધીનગર,તા.૨

રાજ્યમાં સતત ચોથા દિવસે કોરોનાથી સંક્રમીત થયેલા દર્દીઓની સંખઅયા ચારસોનો આંક વટાવી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોના પોઝીટીવના ૪૧૫ દર્દીઓ ઉમેરાતા અત્યાર સુધીનો કુલ આંકડો ૧૭૬૩૨ પર પહોંચ્યો છે. આજે રાજ્યમાં અમદાવાદના ૨૪ સહિત ૨૯ જણાના મોત નીપજ્યા છે. આ સાથે મૃત્યુઆંક ૧૦૯૨ પહોંચ્યો છે. આજે કોરોનાથી સાજા થનારા દર્દીઓનો આંકડો વધીને ૧૧૧૪ નોંધાયા છે. વેન્ટીલેટર પર ૬૨ વ્યક્તિઓ છે. ગુજરાતમાં આજે ૪૧૫ નવા કોરોના પોઝિટીવ દર્દી ઉમેરાતા કોરોનાથી સંક્રમીત થવાનો કુલ આંકડો ૧૭૬૩૨ પર પહોંચ્યો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૯ વ્યક્તિઓના કોરોનાને લીધે અવસાન થયું છે. જેમાં અમદાવાદમાં ૨૪, અરવલ્લીમાં ૨, અને સુરત, મહેસાણા અને જુનાગઢ ખાતે ૧ વ્યક્તિોના મોત નીપજ્યા છે. અત્યાર સુધીમાં રાજ્યમાં ૧૦૯૨ કુલ મૃત્યુ નોંધાયા છે. જેમાં આજે અમદાવાદમાં ૨૭૯ નવા કોરોના પોઝીટીવ ઉમેરાતા કોરોનાથી સંક્રમીત થયેલા દર્દીઓનો આંકડો ૧૨૭૭૩ થયો છે. કોરોનાને લીધે વધુ ૨૪ લોકોના અમદાવાદમાં મોત થતા મોતનો કુલ આંકડો ૮૮૮ થયો છે. આ સાથે આજે અમદાવાદમાં ૧૦૧૯ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા છે. રાજ્યમાં હાલની સ્થિતિમાં ૪૬૪૬ વ્યક્તિઓ પોઝિટીવ છે. જેમાં ૬૨ વેન્ટીલેટર પર, ૪૫૮૪ સ્ટેબલ છે. રાજ્યમાં ૪૧૫ નવા કેસમાં અમદાવાદમાં ૨૭૯, સુરતમાં ૫૮, વડોદરામાં ૩૨, ગાંધીનગરમાં ૧૫, મહેસાણામાં ૫, ભાવનગરમાં ૪, ભરૂચ અને દાહોદમાં ૪, ખેડામાં ૩, પંચમહાલ, કચ્છ, સુરેન્દ્રનગરમાં ૨, બનાસકાંઠા, પાટણ, નર્મદા વલસાડ અને નવસારીમાં ૧ સાથે ૪૧૫ નવા દર્દી ઉમેરાયા. આજે રાજ્યમાં ૨૯ વ્યક્તિઓના કોરોનાના કારણે મૃત્યુ થયા જેમાં અમદાવાદમાં ૨૪, અરવલ્લીમાં ૨ અને સુરત, મહેસાણા અને જુનાગઢમાં ૧-૧ના મોત થયા છે. આરોગ્ય વિભાગની યાદી મુજબ રાજ્યમાં એક્ટીવ દર્દીની સંખ્યા ઘટી રહી છે. ૧૮ મેના રોજ પોઝિટીવ દર્દીની સામે એક્ટીવ દર્દીની સંખ્યાનો દર ૫૩.૧૯ ટકા હતો. જે ઘટીને ૨૬.૩૫ ટકા થયો છે. રાજ્યમાં આજે ૨૩૫૦૧૭ વ્યક્તિઓ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૨૨૭૬૬૬ વ્યક્તિઓ હોમ ક્વોરોન્ટાઈન છે અને ૭૩૭૫ ફેસીલીટી ક્વોરોન્ટાઈન છે. કોરોનાએ સમગ્ર દેશમાં હાહાકાર મચાવ્યો છે અને સંક્રમિતોનો આંકડો બે લાખને પાર કરી ગયો છે ત્યારે હજુ પણ આ વાયરસને કઈ રીતે નિયંત્રિત કરવો તેને લઈને તમામ પક્ષો ચિંતામાં છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૨૭૭૩ | ૮૮૮ | ૮૭૨૭ |
| સુરત | ૧૭૧૭ | ૭૮ | ૧૧૬૦ |
| વડોદરા | ૧૧૦૬ | ૩૯ | ૬૨૫ |
| ગાંધીનગર | ૩૦૦ | ૧૪ | ૧૬૩ |
| ભાવનગર | ૧૨૬ | ૦૮ | ૧૦૩ |
| બનાસકાંઠા | ૧૧૫ | ૦૫ | ૮૯ |
| આણંદ | ૧૦૧ | ૧૦ | ૮૭ |
| રાજકોટ | ૧૧૫ | ૦૩ | ૭૨ |
| અરવલ્લી | ૧૧૧ | ૦૭ | ૧૦૬ |
| મહેસાણા | ૧૨૫ | ૦૬ | ૭૬ |
| પંચમહાલ | ૯૧ | ૧૦ | ૭૨ |
| બોટાદ | ૫૯ | ૦૧ | ૫૪ |
| મહીસાગર | ૧૧૬ | ૦૨ | ૪૧ |
| ખેડા | ૭૨ | ૦૪ | ૫૮ |
| પાટણ | ૮૧ | ૦૬ | ૬૪ |
| જામનગર | ૫૪ | ૦૩ | ૩૭ |
| ભરૂચ | ૪૪ | ૦૩ | ૩૪ |
| સાબરકાંઠા | ૧૦૬ | ૦૩ | ૭૪ |
| ગીર-સોમનાથ | ૪૫ | ૦૦ | ૩૬ |
| દાહોદ | ૪૦ | ૦૦ | ૩૨ |
| છોટાઉદેપુર | ૩૩ | ૦૦ | ૨૩ |
| કચ્છ | ૮૨ | ૦૨ | ૫૫ |
| નર્મદા | ૧૯ | ૦૦ | ૧૫ |
| દેવભૂમિ દ્વારકા | ૧૩ | ૦૦ | ૧૧ |
| વલસાડ | ૪૧ | ૦૧ | ૧૩ |
| નવસારી | ૨૬ | ૦૦ | ૧૨ |
| જૂનાગઢ | ૩૦ | ૦૧ | ૨૫ |
| પોરબંદર | ૧૨ | ૦૨ | ૦૪ |
| સુરેન્દ્રનગર | ૪૧ | ૦૧ | ૧૬ |
| મોરબી | ૦૪ | ૦૦ | ૦૩ |
| તાપી | ૦૬ | ૦૦ | ૦૫ |
| ડાંગ | ૦૨ | ૦૦ | ૦૨ |
| અમરેલી | ૧૦ | ૦૧ | ૦૨ |
| અન્ય રાજ્ય | ૦૮ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૧૭૬૩૨** | **૧૦૯૨** | **૧૧૮૯૪** |

# પ્રાંતિજ તાલુકાના ઝીંઝવામાં યુવતી પર જીવલેણ હુમલો

### હિંમતનગરના સઢા ગામના શખ્સ વિરૂધ્ધ પ્રાંતિજ પો.સ્ટે.માં ફરિયાદ

પ્રાંતિજ, તા. ૨

પ્રાંતિજ તાલુકાના ઝીંઝવા ગામની યુવતી પર રવિવારે સવારે સઢા ગામના શખ્સે હાથમાં ચપ્પા સાથે યુવતી પર જીવલેણ હુમલો કરી યુવતીને ગંભીર ઈજાઓ પહોંચાડતા હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાઈ છે. હુમલાખોરે યુવતીને ઉંચકી બે વખત ભોંયતળીયે પછાડતા માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. હુમલાનો ભોગ બનનાર યુવતીની માતાએ ઘટના સંદર્ભે સઢાના શખ્સ વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં સોમવારે મામલો દર્જ કરાવતા પોલીસે ગુનો નોંધી હુમલાખોરને પકડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

જીવલેણ હુમલાની ઘટના સંદર્ભે પ્રાંતિજ પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર ઝીંઝવા ગામના રબારીવાસમાં રહેતા ભાનુબેન કમલેશભાઈ ઉર્ફે કમજીભાઈ રબારીના ઘરમાં રવિવારે સવારના સુમારે હિંમતનગર તાલુકાના સઢા ગામનો અનિલ સોમાભાઈ રબારી ચપ્પા સાથે ધસી આવ્યો હતો. અનિલે ભાનુબેન રબારીની ૨૧ વર્ષીય દિકરી ગાયત્રીબેન સાથે તકરાર અને ઝપાઝપી કરતા મામલો ગરમાયો હતો. જેમાં અનિલના હાથમાંથી ચપ્પુ પડી ગયા બાદ તેણે ગાયત્રીબેનને આજે તો તને જાનથી મારી નાખવી છે તેમ કહી બંને પગેથી પકડી ઉંચી કરી બે વખત ભોંયતળીયે પછાડતા ગાયત્રીબેનના માથાના પાછળના ભાગે ગંભીર અને જીવલેણ ઈજાઓ પહોંચી હતી. ગંભીર રીતે ઘવાયેલી દિકરીને પરિવારજનો તાત્કાલિક સારવાર અર્થે હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતા.

દિકરી પર જીવલેણ હુમલાની ઘટનાને પગલે સમસમી ગયેલી યુવતીની માતા ભાનુબેન રબારીએ સોમવારે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં સઢાના અનિલ સોમાભાઈ રબારી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પ્રાંતિજ પોલીસે ઈપીકો કલમ ૩૦૭, ૪૫૨, ૩૨૩ અને જીપીએકટ ૧૩૫ મુજબ ગુનો દર્જ કરી સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરી છે.



**રક્તક્રાંતિ ફાઉન્ડેશન દ્વારા કોરોના વોરિયર તરીકે ડીસાના પત્રકારોનું સન્માન**

કોરોના મહામારીના સમયગાળા દરમિયાન નીડર રહી આ પ્રજા સુધી સાચા અને નિષ્પક્ષ સમાચારો પહોંચાડી સમાજના સાચા પ્રહરી બની સેવાઓ આપવા બદલ રખેવાળના રિપોર્ટર સુરેશભાઈ ત્રિવેદી અને ગાંધીનગર સમાચારના રિપોર્ટર કાંતિલાલ લોધાને રક્તક્રાંતિ ફાઉન્ડેશનના પ્રમુખ ભુપેન્દ્રભાઈ દવે દ્વારા તેમને સન્માનપત્ર આપી પ્રોત્સહિત કરવામાં આવ્યા હતા.

# પ્રાંતિજના પોગલુ ખાતે વિશ્વ ઉમીયા ફાઉન્ડેશન દ્વારા હોમીયોપેથીક ગોળીઓનું વિતરણ

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પોગલુ ખાતે વિશ્વ ઉમીયા ફાઉન્ડેશન દ્વારા જિલ્લા સમાહર્તાની ઉપસ્થિતિમાં હોમીયોપેથીક ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું તો આયોર્વેદિક ઉકાળાનુ વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

સાબરકાંઠા-અરવલ્લીમાં કાર્યરત વિશ્વ ઉમીયા ફાઉન્ડેશન ગૃપ દ્વારા આજે પ્રાંતિજ તાલુકાના પોગલુ ખાતેથી હોમીયોપેથીક ગોળીઓનુ વિતરણના શ્રીગણેશ કર્યા હતા. જેમાં સાબરકાંઠા જિલ્લા કલેક્ટર સી.જે. પટેલ ઉપસ્થિત રહીને હોમીયોપેથીક ગોળીઓ વેંચવા માટે શ્રીગણેશ કરાવ્યા હતા અને ઉપસ્થિત સૌ કોઈને આ ગોળીઓ લેવા આગ્રહ કર્યો હતો. સાથે સાથે રોજ ઘરે ઉકાળો, લીંબુ સરબત, કેરી ખાવા ઉપસ્થિત ગામના લોકોને અનુરોધ કર્યો હતો. આ ગોળીઓના યુએસઓના મુખ્ય દાતા સચિનકુમાર ગોરધનભાઈ પટેલનો આભાર પણ વ્યક્ત કર્યો હતો. પ્રાંતિજના પોગલુથી શરૂ થઈ આ ભગીરથ કાર્ય પ્રાંતિજના વિવિધ વિસ્તારો પછી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સંગઠન અને ૧૦૮ ટીમ તથા ઉમીયા સંગઠન અને સમગ્ર પ્રાંતિજ-તલોદ કડવા પાટીદાર સમાજ ૧૦૮ ટીમ દ્વારા ઘરે ઘરે આ હોમીયોપેથીક ગોળીઓ



પહોચાડવામાં આવશે. ગામના ઉપસ્થિત લોકો સાબરકાંઠા જિલ્લા કલેક્ટર સી.જે. પટેલના હસ્તે હોમીયોપેથીક ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિશ્વ ઉમીયા ફાઉન્ડેશન દ્વારા સાબરકાંઠા અને અરવલ્લીમાં ઘરે ઘરે હોમીયોપેથીક ગોળીઓ પહોંચાડશે તો ઉપસ્થિત સૌ કોઈને ઉકાળો પીવડાવવામા આવ્યો હતો. મહંત સુનીલદાસજી મહારાજ, પ્રાંતિજ મામલતદાર એચ.પી. ભગોરા, તાલુકા વિકાસ અધિકારી નિતિનભાઈ પટેલ, તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.આર.કે. યાદવ, પોગલુ મહિલા સરપંચ રમીલાબેન પટેલ, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ચેરમેન ઉર્વેશભાઈ પટેલ, દવા બનાવનાર ડૉ.નિતિનભાઈ પટેલ, સંજયભાઈ આઈ. પટેલ, સંજયભાઈ પટેલ સહિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડૉ સોલંકી તથા આરોગ્ય સ્ટાફ તથા વિશ્વ ઉમીયા ફાઉન્ડેશનના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા.

# ખેડબ્રહ્મા તાલુકાની વાલરણ દૂધ મંડળીમાં ૧.૫૮ લાખની નાણાંકીય ઉચાપત

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્મા તાલુકાના વાલરણ ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળીના કલાર્કે તેની ફરજ દરમિયાન સાબરદાણના જથ્થાની રૂા.૧.૫૮ લાખની રકમ પોતાના અંગત કામમાં વાપરી નાખી નાણાંકીય ઉચાપત કરતા મંડળીની સમિતિના સભ્યએ ઉચાપત કરનાર કલાર્ક વિરૂધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં સોમવારે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી સમગ્ર પ્રકરણની તપાસ હાથ ધરી છે.

ઉચાપતના મામલે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર વાલરણ ગામે રહેતા ભૂરાભાઈ તલકાભાઈ રાઠોડ ધી વાલરણ દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં કલાર્ક કમ ટેસ્ટર તરીકે ફરજ બજાવતા હતા. ૧ એપ્રિલ ૨૦૧૮ થી ૩૧ માર્ચ ૨૦૧૯ દરમિયાન દૂધ મંડળીના કલાર્ક ભૂરાભાઈ રાઠોડે દૂધ મંડળીના સાબરદાણ બોરીના જથ્થો નંગ ૧૪૭ પ્રતિ બોરી રૂા.૧૦૭૫ લેખે કુલ રૂા.૧,૫૮,૦૨૫ ની રકમ મંડળીમાં જમા ન કરાવી પોતાના અંગત કામમાં વાપરી નાખી હતી. મંડળીના ઓડીટ દરમિયાન વાલરણ દૂધ મંડળીમાં થયેલ ઉચાપતનો મામલો ઓડીટ કરનાર અધિકારીઓ ઉપરાંત વાલરણ દૂધ મંડળીની વ્યવસ્થાપક કમિટીના ધ્યાને આવ્યો હતો.

વાલરણ દૂધ ઉત્પાદક સહકારી મંડળીની વ્યવસ્થાપક કમિટીના સભ્ય બચુભાઈ ફલજીભાઈ ચૌહાણે રૂા.૧.૫૮ લાખની કાયમી નાણાંકીય ઉચાપત કરનાર મંડળીના કલાર્ક કમ ટેસ્ટર ભૂરાભાઈ તલકાભાઈ રાઠોડ વિરૂધ્ધ સોમવારે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ઉચાપતનો મામલો દર્જ કરી સમગ્ર પ્રકરણની તપાસ હાથ ધરી છે.

# તાલાલા ગીરમાં ધોધમાલ વરસાદ ૨૫ હજાર કેરીના બોક્સ પલળી ગયા

ગીર પંથકમાં કેરી પકવતા ખેડૂતોને ગત વર્ષે વાયુ વાવાઝોડાએ આર્થિક નુકસાન પહોંચાડ્યું હતું. ત્યારે આ વર્ષે લોકડાઉન અને વરસાદ વેરી બન્યો છે. કેસર કેરી પકવતા ખેડૂતોને રાતે પાણીએ રોવાનો વારો આવ્યો છે. તાલાલાગીર પંથકમાં આજે ધોધમાર વરસાદ વરસ્યો હતો. એક કલાકમાં એક ઈંચ વરસાદ પડ્યો હોવાથી તાલાલા માર્કેટ યાર્ડમાં આજે ૨૫ હજાર કેસર કેરીના બોક્સ પલળતા ખેડૂતો અને વેપારીઓને મોટો ફટકો પડ્યો છે. તેમજ ઉનાળુ પાક તલ, મગ, અડદને પણ ભારે નુકસાન થયું છે.

તાલાલા માર્કેટ યાર્ડમાં આજે ૨૫ હજાર કેસર કેરીના બોક્સની આવક થઈ હતી. કેરીની હરાજી ચાલુ હતી ત્યારે બપોરે ત્રણ વાગ્યાની આસપાસ ભારે પવન સાથે વરસાદ શરૂ થયો હતો. આથી બોક્સને પલળતા અટકાવવા મજૂરો તાલપત્રી ઢાંકવા લાગ્યા હતા. પરંતુ પવનથી તાલપત્રી ઉડી જતા કેરીના બોક્સ પલળી ગયા હતા. ગીર પંથકમાં હજુ ૩૦ ટકાથી વધુ કેરીનો પાક આંબાઓ પર છે. ગત ૧૦ મેથી યાર્ડ શરૂ થયાના ૨૩ દિવસમાં ૪ લાખ ૯૦ હજાર બોક્સનું વેચાણ થઈ ચૂક્યું છે.

## ૧૦ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સહિત અન્ય બિમારી પણ આ વૃદ્ધને છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે.

આ વૃદ્ધનો દિકરો ખાનગી સંસ્થામાં નોકરી કરતો હોવાનું જાણવા મળેલ છે. તંત્રએ પરિવારના સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરી અને જરૂરી કાર્યવાહી હાથ ધરેલ છે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં હાલ ૬૪૩૮ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ગાંધીનગર તાલુકામાં ૭૩, કલોલમાંથી ૬૧, દહેગામમાંથી ૧૭ કેસ અને માણસામાંથી ૧૬ કેસ કોરોનાના મળી આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી મળેલા કેસો પૈકી ૧૦૨ દર્દી રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ૧૨ વ્યક્તીના સારવાર દરમ્યાન મોત નીપજ્યા છે. જ્યારે બાકીના દર્દીઓ હાલ સારવાર હેઠળ છે.

## પાંચ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત સે. ૩-એ માંથી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે ૨૮ વર્ષીય આ મહિલા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે સેવારત છે. આ સ્ટાફ નર્સને પણ આજે સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ દર્દીના પરિવારના સાત સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. સે. ૩ માં અગાઉ ૧૧ કેસ નોંધાયા હતા. જે પૈકી ૧૦ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે ૬ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. શહેરમાં નોંધાયેલા ૧૦૫ દર્દી પૈકી ૭૭ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને રજા આપવામાં આવી છે. બે દર્દીના મૃત્યુ થયા છે જ્યારે હાલ ૨૬ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

## ઠંડક પ્રવર્તી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતી. દિવસનુ મહત્તમ તાપમાન ૪૧.૫ ડીગ્રી રહ્યુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૦.૭ ડીગ્રી ઉંચકાયો હતો. બપોરના સમયે આકરા તાપ સાથે ઉકળાટ અનુભવતા નગરજનો ગરમીથી બેચેન બની ગયા હતા. ગઈકાલ રાત બાદ આજે ગુજરાત પરથી વાવાઝોડાનો ખતરો ટળી ગયો હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. વાતાવરણ પલ્ટાની અસર પણ જોવા મળી ન હતી. અલબત્ત ગરમીએ ફરી માથુ ઉચકયુ હતુ. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૬૪ ટકા અને સાંજે ૨૫ ટકા રહ્યુ હતુ. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ગઈકાલ જેટલુ જ હતુ. જયારે મોસમમાં બદલાવની સાથે રાત્રિનુ તાપમાન એક ડીગ્રી નીચુ ગયુ હતુ.

## ખરીફ વાવેતર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાવેતર પણ ૨૧૦ હેક્ટરમાં સંપન્ન થયુ છે. ઘાસચારાનું વાવેતર લગભગ ૩૯૦ હેક્ટરમાં કરી દેવાયુ છે. જિલ્લામાં પહેલા વરસાદના આગમન પછી વાવેતર વધુ વેગીલુ બનશે તેમ મનાઈ રહ્યુ છે. આ વખતે મગફળીના પાકનું વાવેતર વધે તેવા સંકેતો ખેડૂતો સાથેની વાતચીતમાંથી મળી રહ્યા છે. આ ખરીફ સિઝનની પાક-પેટર્નમાં બદલાવ આવી શકે તેવા સંકેતો ખેડૂતો તરફથી મળી રહ્યા છે. કારણ કે આ વખતે મજૂરોની સમસ્યાનો મુદ્દો પણ મહત્વનો થશે. જો કે બધુ ઝડપથી થાળે પડશે તેમ મનાઈ રહ્યુ છે. જિલ્લામાં ખરીફનુ વાવેતર સરેરાશ એક લાખ ૪૦ હજાર હેક્ટર વિસ્તારમાં થતુ હોય છે.

## વિકાસ થશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજા જ દિવસે એટલે કે આજે ૨ જૂનના રોજ વડાપ્રધાને જાહેર કાર્યક્રમને સંબોધન કર્યુ હોય તેવી આ પહેલો જ પ્રસંગ હતો. સીઆઈઆઈના ૧૨૫માં વર્ષે તેની વાર્ષિક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ વર્ષે તેના સેશનની થીમ ગેટિંગ ગ્રોથ બેક રાખવામાં આવી હતી. આ સભામાં દેશના ટોચના બિઝનેસ હાઉસીસના દિગ્ગજ લોકો હાજર રહ્યા હતા.

દેશના અર્થતંત્રના કર્ણધારોને સંબોધતા મોદીએ કહ્યું કે, ૧૨૫ વર્ષમાં ૈૈંને મજબૂત બનાવવામાં જેણે ફાળો આપ્યો તેને હું અભિનંદન આપીશ. જેઓ આપણી વચ્ચે નથી તેઓને હું આદરપૂર્વક નમન. કોરોનાના આ સમયગાળામાં, આના જેવી ઓનલાઈન ઈવેન્ટ્સ હવે સામાન્ય બની રહી છે. આ માણસની સૌથી મોટી તાકાત છે. આપણે લોકોના જીવ બચાવવા અને અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવી પડશે. તમે બધા ઉદ્યોગના લોકો અભિનંદનને પાત્ર છો. હું ગેટિંગ ગ્રોથ બેકથી આગળ વધીને કહીશ... વી આર ગેટિંગ ગ્રોથ બેક....!. તમે આશ્ચર્યચકિત થશો કે કટોકટીની આ ઘડીમાં હું આત્મવિશ્વાસ સાથે કેવી રીતે બોલું છું. પણ આનાં ઘણાં કારણો છે. મને ભારતની પ્રતિભા અને તકનીક પર વિશ્વાસ છે. આ સંકટની ઘડીમાં આટલા આત્મવિશ્વાસ સાથે હું આ વાત કરી રહ્યો છું તેનું કારણ ભારતીયોની પ્રતિભા અને ક્ષમતા તેમજ દેશની ક્રાઈસ મેનેજમેન્ટની યોગ્યતા છે. યુવાનો અને ટેક્નોલોજી પર મને વિશ્વાસ છે.

પીએમએ ઉદ્યોગ જગતની સાથે સૌ કોઈનો જોમ અને જુસ્સો વધારતા જણાવ્યું હતું. કોરોનાને પગલે દેશના અર્થતંત્રની ગતિ ધીમી પડી છે પરંતુ હવે દેશમાં અનલોક વન સાથએ જ લોકડાઉન ખોલી દેવાયું છે. પ્રથમ ચરણમાં અર્થતંત્રના મોટાભાગને ખોલી દેવામાં આવ્યો છે

ખરા સમયે યોગ્ય રીતે યોગ્ય સાચા પગલાં ભર્યા એમ કહીને તેમણે જણાવ્યું કે, અન્ય દેશો સાથે સરખામણી કરવામાં આવે તો તે બતાવે છે કે ભારતમાં લોકડાઉનથી કેટલો ફાયદો થાય છે. હવે સવાલ એ છે કે, આગળ શું છે? ઉદ્યોગના નેતા તરીકે, આ પ્રશ્ન તમારા મગજમાં ચોક્કસપણે રહેશે, અમે શું કરવા જઈ રહ્યા છીએ. મને આત્મનિર્ભર ભારત અભિયાન વિશે પણ ખાતરી છે કે તમને સવાલો થશે. અને આ સ્વાભાવિક છે. પરંતુ કોરોના સામે દેશની અર્થવ્યવસ્થાને ફરીથી મજબુત બનાવવી એ મારી સરકારની પ્રાથમિકતા છે.

તેમણે પાંચ આઈનો મંત્ર આપતા કહ્યું કે, અમારા નિર્ણયોમાં, ઈક્ન્લુઝન, ઈન્વેસ્ટમેન્ટ, ઈનોવેશન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ઝલક જોવા મળશે. આજે ભારત ગ્રોથની નવી ઉડાન ભરવા માટે તૈયાર છે. અમારા માટે રિફોર્મ એટલે નિર્ણય લેવાની હિંમત. ૈંમ્ઝ્ર હોય, બેંક મર્જર હોય કે GST, અમે હંમેશાં સરકારની દખલ ઓછી કરવા પ્રયાસ કર્યો છે.

CII જેવા સંગઠનોની જવાબદારી છે કે જો તમે એક પગલું ભરો તો સરકાર ચાર પગલા ભરીને તમારી મદદ કરશે. વડા પ્રધાન તરીકે તમને વિશ્વાસ આપું છુ. તમારી પાસે એક સ્પષ્ટ રસ્તો છે, આત્મનિર્ભર ભારતનો રસ્તો. આત્મનિર્ભર ભારતનો અર્થ એ છે કે આપણે વિશ્વના અર્થતંત્ર સાથે પણ મજબુત અને સપોર્ટિવ બનીએ.

આપણે સ્થાનિક સપ્લાય ચેઈનમાં એવું રોકાણ કરવું પડશે જેથી વૈશ્વિક સપ્લાય ચેઈનમાં ભારતની સ્થિતિને મજબૂત બને. મને લાગે છે કે CII જેવી સંસ્થાઓ પણ ફોર્સ કોરોનાની જેમ આગળ આવવું પડશે. વૈશ્વિક સ્તરે તમારું બજાર વધારવામાં તમારે ઉદ્યોગને મદદ કરવી પડશે. હવે દેશમાં એવા ઉત્પાદનો બનાવવાની જરૂર છે જે મેડ ઈન ઈન્ડિયા હોય અને મેડ ફોર ફોરેન હોય. દેશની આયાત કેવી રીતે ઘટાડવી તે અંગે વિચારવાની જરૂર છે.

તેમણે વધુમાં કહ્યું કે, સરકાર આજે એવા પોલિસી રિફોર્મ્સ કરી રહી છે, જેના આશા કરવાની દેશે છોડી દીધી હતી. કૃષિ ક્ષેત્રે, આઝાદી પછી જે નિયમો બનાવવામાં આવ્યા હતા, તેનાથી ખેડુતોને વચેટિયાઓના હાથમાં છોડી દીધા હતા. અમારી સરકારે દાયકાઓથી ખેડૂતોને થતા અન્યાયને દૂર કરવાની ઈચ્છાશક્તિ દર્શાવી હતી. કાયદામાં ફેરફાર થતાં હવે ખેડુતોને હક મળશે. તેઓ ઈચ્છે ત્યાં અને જ્યારે પણ ઈચ્છે ત્યાં તેમનો પાક વેચી શકે છે. વેરહાઉસમાં સંગ્રહિત અનાજ હવે ઈલેક્ટ્રોનિક વેપાર દ્વારા પણ વેચી શકાશે. આનાથી કૃષિ વ્યવસાય માટે કેટલાય રસ્તાઓ ખુલી રહ્યા છે. આ સાથે રોજગાર વધારવા માટે લેબર રિફોર્મ્સ કરવામાં આવી રહ્યા છે.

## બે લાખને પાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૭૦૮ લોકો સ્વસ્થ્ય થયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૯૫૫૨૭ સુધી પહોંચી ગયો છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૨૦૪ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૫૫૯૮ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે મંગળવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૯૭૫૮૧ એક્ટિવ કેસ છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૭૦૦૧૩ કેસ નોંધાયા છે જ્યારે ૨૩૬૨ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૨૩૪૯૫ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૧૮૪ લોકો કાળનો કોળિયો બની ગયા છે. ત્યારબાદ દિલ્હીમાં ૨૦૮૩૪ કેસ નોંધાયા છે જ્યારે ૫૨૩ લોકોએ જીવ ગુમાવ્યા છે. ગુજરાતમાં ૧૭૨૧૭ લોકો સંક્રમણમાં આવ્યા છે ૧૦૬૩ લોકોના મોત થયા છે.

## ભૂસ્ખલન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હૈલાકાંડી જિલ્લામાં બે ભૂસ્ખલનની દુર્ઘટનામાં સાત લોકોનાં મોત થયાં છે. આસામનાં મુખ્યમંત્રી સર્બાનંદ સોનોવાલે જિલ્લા પ્રશાસનને ઘાયલ વ્યક્તિઓની મદદ માટે આવશ્યક પગલાં લેવાં અને મૃતક વ્યક્તિઓનાં પરિવારજનોને વળતરની રકમ આપવાનો પણ નિર્દેશ કર્યો છે.

ગોલપારા જિલ્લો સૌથી વધારે પ્રભાવિત છે. ત્યાર બાદ નાગાંવ અને હોજાઈ જિલ્લા પ્રભાવિત છે. પૂરમાં છ લોકોનાં મોત પણ નિપજ્યાં છે અને ૩૪૮ ગામડાંઓ પાણીની અંદર ડૂબી ગયા છે. આસામ રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીનું કહેવું એમ છે કે લગભગ ૨૭,૦૦૦ હેક્ટરમાં પાક ખરાબ થઈ ચૂક્યાં છે.

કરીમગંજ જિલ્લાનાં કાલીગંજ વિસ્તારમાં મંગળવારનાં રોજ જોરદાર ભૂસ્ખલન થયું. આ વિસ્તાર બાંગ્લાદેશ બોર્ડર સાથે જોડાયેલો છે. અહીં ૬ લોકો પહાડીનાં કાટમાળ નીચે દટાઈ ગયાં. આ ૬ લોકોમાંથી ૫ મૃતક એક જ પરિવારનાં હતાં. ઘટનાનાં સમયે તેઓ પોતાનાં ઘરમાં સૂઈ રહ્યાં હતાં ત્યારે ઘર સહિત તમામ લોકો જીવતા દફન થઈ ગયાં.

## તિવારીની વિદાય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉલ્લેખનીય છે કે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભાજપનો આમ આદમી પાર્ટી સામે પરાજ થયા બાદ મનોજ તિવારીએ પ્રદેશ પ્રમુખ પદેથી રાજીનામું આપવાની તૈયારી દર્શાવી હતી અને તેમનો કાર્યકાળ પણ ૨૦૧૯માં સમાપ્ત થયો હતો.

છત્તીસઢ ભાજપના પ્રદેશ પ્રમુખ તરીકે વિક્રમ ઉસેંડીના સ્થાને આદિવાસી નેતા તેમજ પૂર્વ કેન્દ્રીય મંત્રી વિષ્ણુ દેવ સાયને જવાબદારી સોંપવામાં આવી છે. સાય વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રથમ ટર્મમાં કેન્દ્રીય મંત્રી હતા. જો કે છત્તીસગઢ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ સામે પરાજયને પગલે ૨૦૧૯માં પાર્ટીએ કોઈપણ ઉમેદવારને રીપીટ નહીં કરવાનો નિર્ણય કરતા સાય લોકસભા ચૂંટણી લડ્યા નહતા. આ ઉપરાંત મણીપુરમાં ભાજપ પ્રમુખ તરીકે એસ ટીકેન્દ્ર સિંહને નિયુક્ત કરાયા છે. કોરોના વાયરસ મહામારીને પગલે દેશમાં લોકડાઉન લાગુ કરાયા બાદ હવે અનલોક વનની જાહેરાત સાથે રાજકીય ગતિવિધીમાં પણ ગરમાવો આવ્યો છે. રાજ્યસભાની ચૂંટણીની જાહેરાતો સાથે જ ભાજપે સંગઠનમાં ફેરફારની અટકેલી પ્રક્રિયાને વેગ આપવાની શરૂઆત કરી દીધી છે.